પેજ3

## દીપિકા-રણવીરનું 'મેટ ગાલા' લુકમાં બોલ્ડ ફોટોશૂટ વાયરલ



મુંબઈ, તા. 7: બોલિવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણ અત્યારે તેના બીજા પ્રેગ્નન્સી ફેઝમાં છે. આ દરમિયાન દીપિકા તેની આગામી ફિલ્મોનું શૂટિંગ પણ સતત કરી રહી છે. દીપિકાની બીજી પ્રેગ્નન્સીની જાહેરાત બાદથી જ દરેક વ્યક્તિ તેના બેબી બમ્પ અને મેટરનિટી ફોટોશૂટની ખૂબ જ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ આતુરતાની વચ્ચે દીપિકા પાદુકોણ-રણવીર સિંહની કેટલીક અત્યંત ગ્લેમરસ તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. પહેલી નજરે આ તસવીરો મેટ ગાલા 2026ની લાગે છે. તસવીરોમાં દીપિકા પાદુકોણ જ્યાં જાળીદાર (નેટ) ડ્રેસમાં પોતાનો મોટો બેબી બમ્પ ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે, તો બીજી તરફ રણવીર સિંહ દીપિકાને ક્યારેક બમ્પ પર તો ક્યારેક લિપ્સ પર કિસ કરતો જોવા મળી રહ્યો છે.

## સરકે ચુનર' વિવાદમાં નોરા ફતેહીની બિનશરતી માફી



નવી દિલ્હી, તા. 7 (PTI): અભિનેત્રી નોરા ફતેહી ગુરુવારે 'સરકે ચુનર' ગીત સાથે જોડાયેલા વિવાદના સંબંધમાં રાષ્ટ્રીય મહિલા આયોગ (એનસીડબ્લ્યુ) સમક્ષ હાજર થઈ હતી અને માફી માંગતા કહ્યું હતું કે, "કોઈની લાગણી દુભાવવાનો મારો કોઈ ઈરાદો નહોતો." સુનાવણી બાદ પત્રકારો સાથે વાત કરતાં ફતેહીએ જણાવ્યું હતું કે, તે અજાણતા આવી પરિસ્થિતિમાં મુકાઈ ગઈ હતી, પરંતુ એક કલાકાર તરીકે તેણે પોતાની જવાબદારી સ્વીકારી છે. નોરાએ કહ્યું કે, "આ એક એવી સ્થિતિ હતી જેમાં હું ફસાઈ ગઈ હતી અને કોઈની લાગણી દુભાવવાનો મારો કોઈ ઈરાદો નહોતો. પરંતુ ચોક્કસપણે, એક કલાકાર તરીકે મારે જવાબદાર બનવું પડશે. હું ચોક્કસપણે માફી માંગું છું, અમે બધું લેખિતમાં આપ્યું છે. તેઓ (આયોગ) ખૂબ જ દયાળુ અને મદદરૂપ રહ્યા છે." અભિનેત્રીએ એમ પણ કહ્યું કે, તેણે અનાથ કન્યાઓના શિક્ષણનો ખર્ચ ઉઠાવવાનો નિર્ણય લીધો છે.

## સબા પટૌડીના 50મા બર્થડે પર પટૌડી ફેમિલીનું 'ખાસ લંચ



મુંબઈ, તા. 7: કરીના કપૂર ખાન, સૈફ અલી ખાન અને સોહા અલી ખાને તાજેતરમાં સબા પટૌડીનો 50મો જન્મદિવસ પરિવાર સાથે ઉજવ્યો હતો. સોહા અલી ખાને તેની બહેન સબા માટે ઘરે એક ખાસ લંચ પાર્ટીનું આયોજન કર્યું હતું, જેમાં પરિવારના નજીકના સભ્યોએ હાજરી આપી હતી. સબા પટૌડીએ 1 મેના રોજ પોતાનો 50મો જન્મદિવસ ઉજવ્યો હતો અને આ ખાસ પ્રસંગની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. આ પાર્ટીમાં સૈફ અલી ખાન, કરીના કપૂર ખાન, સોહા અલી ખાન, કુણાલ ખેમુ અને નિરંજના ઉન્નીકૃષ્ણન સહિત અનેક લોકોએ હાજરી આપી હતી.

## ઓસ્ટ્રિયામાં પુત્રની કબર પર સેલિના જેટલી ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડી




વિયેના, તા. 7: અભિનેત્રી સેલિના જેટલીએ પોતાના વૈવાહિક વિવાદ અને બાળકોથી અલગ થવા અંગે ભાવનાત્મક ખુલાસો કર્યો છે. તેણીએ ખુલાસો કર્યો છે કે, તે છેલ્લા એક વર્ષથી તેના બાળકોથી દૂર છે અને ઓસ્ટ્રિયામાં ચાલી રહેલા છૂટાછેડા અને કસ્ટડી કેસ દરમિયાન તેને બાળકોને મળવાની મંજૂરી પણ આપવામાં આવી નથી. તાજેતરમાં સેલિનાએ સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણીએ ઓસ્ટ્રિયામાં તેના સ્વર્ગસ્થ પુત્ર શમશેરની કબરની મુલાકાત લીધી હતી. વીડિયોમાં તે કબર સાફ કરે છે, ફૂલો, મીણબત્તીઓ અને રમકડાની કાર મૂકે અને પછી ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડે છે. સેલિનાએ લખ્યું કે તે છૂટાછેડાની સુનાવણી માટે ઓસ્ટ્રિયા ગઈ હતી, પરંતુ કોર્ટમાં આપેલા આશ્વાસન છતાં તેના બાળકોને મળવા દેવામાં આવી ન હતી.

### ઓપરેશન સિંદૂરના એક વર્ષની ઉજવણી

# મોદી, મંત્રીઓ, ભાજપના નેતાઓએ પોતાના પ્રોફાઈલ પિક્ચર બદલ્યા

**વડાપ્રધાન** મોદીએ સોશ્યલ મીડિયા હેન્ડલોના પ્રોફાઇલ પિકચરો બદલ્યા, કાળા બેકગ્રાઉન્ડમાં ઓપરેશન સિંદુર લખાણવાળી, તિરંગા સાથેની છબી મૂકી

**ભાજપ** પ્રમુખ, સંરક્ષણ મંત્રી, વિદેશ મંત્રી વગેરેએ પણ ઓપરેશન સિંદુરને લગતા ચિત્રો પ્રોફાઇલ પિક્ચર તરીકે મૂકયા






નવી દિલ્હી, તા. ૭(પીટીઆઇ): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે 'ઓપરેશન સિંદૂર'ના એક વર્ષ પૂર્ણ થવા નિમિત્તે તેમના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પ્રોફાઈલ પિક્ચર (DP) બદલ્યા હતા અને સશસ્ત્ર દળોની સફળતા અને તેમના પ્રત્યે સન્માન વ્યક્ત કરવા માટે દરેકને તેમ કરવા વિનંતી કરી હતી.

ભાજપના અધ્યક્ષ નીતિન નબીન અને અન્ય પક્ષના નેતાઓ ઉપરાંત રાજનાથ સિંહ, અમિત શાહ અને એસ. જયશંકર સહિતના તમામ કેન્દ્રીય મંત્રીઓએ પણ ઓપરેશન સિંદૂરના એક વર્ષ નિમિત્તે તેમના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પ્રોફાઈલ પિક્ચર બદલ્યા હતા. મોદીના X (ટ્વિટર), ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વૉટ્સએપ ચેનલો પર પ્રોફાઈલ પિક્ચર બદલીને કાળા બેકગ્રાઉન્ડ પર 'ઓપરેશન સિંદૂર' લખાણવાળી છબી મૂકવામાં આવી છે. આ ચિત્રમાં ત્રિરંગો છે, જેમાં 'SINDOOR' ના એક 'O'ને 'સિંદૂર'થી ભરવામાં આવ્યો છે - જે પરિણીત હિન્દુ મહિલાઓનું પ્રતીક છે. X પરની એક પોસ્ટમાં વડાપ્રધાને જણાવ્યું હતું કે એક વર્ષ પહેલા ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સશસ્ત્ર દળોએ તેમની વીરતાનું પ્રદર્શન કર્યું હતું અને હુમલો કરનારાઓને જડબાતોડ જવાબ આપ્યો હતો, અને દરેક ભારતીયને દેશના સશસ્ત્ર દળો પર ગર્વ છે. તેમણે કહ્યું, ઓપરેશન સિંદૂર દરમિયાન આપણા દળો અને તેમની સફળતાના સન્માનના પ્રતીક રૂપે, ચાલો આપણે બધા સોશિયલ મીડિયા પર આપણા ડિસ્પ્લે પિક્ચર બદલીએ.

ગયા વર્ષે 7 થી 10 મે દરમિયાન પશ્ચિમી સરહદે BSF અને ત્રણેય સંરક્ષણ દળો દ્વારા પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી અને સૈન્ય સુવિધાઓને નિશાન બનાવીને 'ઓપરેશન સિંદૂર' હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન ગયા વર્ષે 22 એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં કરવામાં આવ્યું હતું, જેમાં 25 પર્યટકો(તમામ હિન્દુ પુરુષો) અને એક પર્યટક માર્ગદર્શક માર્યા ગયા હતા. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પ્રોફાઈલ ફોટો અપડેટ કરતી વખતે કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર રાષ્ટ્રીય સંકલ્પ અને સજ્જતાના શક્તિશાળી પ્રતીક તરીકે ઉભરી આવ્યું છે. તેમણે ઉમેર્યું, આ ઓપરેશન સશસ્ત્ર દળોની અજોડ ચોકસાઈ અને સેવાઓ વચ્ચેના ઊંડા સમન્વયને પ્રતિબિંબિત કરે છે, જે આધુનિક લશ્કરી કામગીરી માટે એક માપદંડ સ્થાપિત કરે છે.

ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ઈતિહાસ તેને આપણા સશસ્ત્ર દળોની ચોકસાઈપૂર્વકની પ્રહાર શક્તિ, એજન્સીઓની ઝીણવટભરી ગુપ્ત માહિતી અને મક્કમ રાજકીય ઈચ્છાશક્તિના વિજય તરીકે યાદ રાખશે. આ દિવસ દુશ્મનોને સંદેશ આપે છે કે તેઓ ગમે ત્યાં છુપાયેલા હોય, તેઓ બચી શકશે નહીં. વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ તેમનું પ્રોફાઈલ પિક્ચર બદલીને ઓપરેશન સિંદૂરનો લોગો મૂક્યો હતો. ભાજપ અધ્યક્ષે હિન્દીમાં એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં, ભારતે એવા આતંકવાદીઓને ધૂળ ચટાડી દીધી જેમણે આપણી બહેનોનું સિંદૂર ભૂંસી નાખ્યું હતું. નવું ભારત જાણે છે કે દરેક અન્યાયનો નિર્ણાયક જવાબ કેવી રીતે આપવો.

# પાકિસ્તાનમાં શાળાની છત તૂટી પડતા 4 બાળકોનાં મોત



**મૃત્યુઆંક** વધી શકે છે, કારણ કે, કેટલાંક ઘાયલ બાળકોની હાલત ગંભીર છેઃ અધિકારી

લાહોર, તા. 7 (PTI): પાકિસ્તાનના પંજાબ પ્રાંતના એક ગામમાં ગુરુવારે તેમની શાળાના રૂમની છત તૂટી પડતાં શાળાના ઓછામાં ઓછા ચાર બાળકો જીવતા દફન થઈ ગયા હતા અને ઘણા ઘાયલ થયા હતા. એમ અહીં એક અધિકારીએ જણાવ્યું હતું.

આ ઘટના લાહોરથી લગભગ 400 કિમી દૂર ડેરા ગાઝી ખાનમાં બની હતી.

પંજાબ ઈમરજન્સી સર્વિસિસ રેસ્ક્યુ 1122 મુજબ, જ્યારે છત તૂટી પડી ત્યારે એક ખાનગી શાળાના રૂમમાં મોટી સંખ્યામાં બાળકો હાજર હતા.

રેસ્ક્યુ 1122ના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "બચાવ ટીમોએ કાટમાળમાંથી ચાર બાળકોના મૃતદેહ બહાર કાઢ્યા છે, જ્યારે 14 ઘાયલ વિદ્યાર્થીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે."

એક શિક્ષકને પણ ઘાયલ અવસ્થામાં બચાવી લેવામાં આવ્યા હતા.

પ્રવક્તાએ કહ્યું કે, ઈમરજન્સી ટીમો રાહત કામગીરીમાં વ્યસ્ત છે. કારણ કે, હજી પણ વધુ બાળકો કાટમાળ નીચે દબાયેલા હોઈ શકે છે.

પ્રવક્તાએ ઉમેર્યું કે, "મૃત્યુઆંક વધી શકે છે. કારણ કે, કેટલાંક ઘાયલ બાળકોની હાલત ગંભીર છે."

પંજાબના મુખ્યમંત્રી મરિયમ નવાઝે વિદ્યાર્થીઓનાં મોત પર ઉંડા શોક અને દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

# ચીનના બે ભૂતપૂર્વ સંરક્ષણ મંત્રીઓને ભ્રષ્ટાચાર બદલ મૃત્યુદંડ સંભળાવાયો

**વેઇ** ફેંગહે અને લી શાંગફુને બે વર્ષના વિલંબ સાથે મોતની સજા સંભળાવાઇ

**બંને** લાંચ લેવા બદલ દોષિત ઠર્યા હતા, ૨૦૨૪માં કોમ્યુનિસ્ટ પાર્ટીમાંથી હાંકી કઢાયા હતા





બેઈજિંગ, 7 મે (PTI): ચીનના બે ભૂતપૂર્વ સંરક્ષણ મંત્રીઓ, વેઈ ફેંગહે અને લી શાંગફુને ભ્રષ્ટાચારના આરોપોસર ગુરુવારે બે વર્ષના વિલંબન સાથે મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે, તેમ સત્તાવાર માધ્યમોએ અહેવાલ આપ્યો હતો.

સરકારી સમાચાર સંસ્થા શિન્હુઆના અહેવાલ મુજબ, ચીનની સૈન્ય અદાલત દ્વારા આ બંનેને અલગ-અલગ સજા સંભળાવવામાં આવી હતી. અદાલતના ચુકાદાઓને ટાંકીને એજન્સીએ જણાવ્યું કે, વેઈને લાંચ લેવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા હતા, જ્યારે લીને લાંચ લેવા અને આપવા એમ બંને ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા. ૭૨ વર્ષીય વેઈ અને તેમના અનુગામી ૬૮ વર્ષીય લી, જેઓ પ્રમુખ ઝી જિનપિંગના નિરીક્ષણ હેઠળ કાર્યરત હતા, તેમને 2024માં શાસક કોમ્યુનિસ્ટ પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. તેઓ ઝી જિનપિંગના વડપણ હેઠળના સેન્ટ્રલ મિલિટરી કમિશનના ભૂતપૂર્વ સભ્યો પણ હતા. વેઈએ 2018થી 2023 સુધી સંરક્ષણ મંત્રી તરીકે સેવા આપી હતી, જ્યારે લી તેમના અનુગામી તરીકે માંડ થોડા મહિના જ આ પદ પર રહ્યા હતા. આ બંને સેન્ટ્રલ મિલિટરી કમિશનના સભ્યો પણ રહી ચુક્યા છે જે પંચ પ્રમુખ જિનપિંગના વડપણ હેઠળ કામ કરે છે. ચીનમાં વિલંબ સાથે દેહાંતદંડની સજાનો અર્થ સામાન્ય રીતે તેનું આજીવન કેદમાં પરિવર્તન માનવામાં આવે છે.

વેઈ અને લી બંનેએ પીપલ્સ લિબરેશન આર્મીની અત્યંત મહત્વની 'રોકેટ ફોર્સ'નું નેતૃત્વ કર્યું હતું, જેની સ્થાપના 2015માં ઝી જિનપિંગના લશ્કરી સુધારાના ભાગરૂપે કરવામાં આવી હતી. વેઈ, જેઓ 2017 સુધી રોકેટ ફોર્સના વડા હતા અને બાદમાં સંરક્ષણ મંત્રી બન્યા હતા, તેમની અટકાયત કરવામાં આવી હતી અને ભ્રષ્ટાચારના આરોપસર કોમ્યુનિસ્ટ પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. લીની પસંદગી ખુદ ઝી જિનપિંગ દ્વારા સંરક્ષણ મંત્રીના સર્વોચ્ચ પદ માટે કરવામાં આવી હતી. લીને પદભ્રષ્ટ કર્યા બાદ, અન્ય કેટલાય ઉચ્ચ અધિકારીઓને પણ હટાવી દેવામાં આવ્યા હતા અને તેમના પર ભ્રષ્ટાચારના આરોપો મૂકવામાં આવ્યા હતા. 2012માં સત્તા પર આવ્યા ત્યારથી, પ્રમુખ ઝી જિનપિંગે મોટા પાયે ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન ચલાવ્યું છે, જેમાં અનેક જનરલો સહિત દસ લાખથી વધુ અધિકારીઓને સજા કરવામાં આવી છે.

# હમીરપુરમાં યમુના નદીમાં હોડી પલટી: ચાર બાળકો સહિત પાંચનાં મોત

હમીરપુર (UP), તા. 7 (PTI): ઉત્તર પ્રદેશના હમીરપુર જિલ્લામાં યમુના નદીમાં હોડી પલટી જતાં ચાર બાળકો સહિત પાંચ લોકોનાં ડૂબી જવાથી મોત થયાં છે અને એક 11 વર્ષનો છોકરો ગુમ છે. એમ પોલીસે ગુરુવારે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, આ ઘટના બુધવારે સાંજે કુરારા પોલીસ સ્ટેશન વિસ્તારના ભૌલી ગ્રામ પંચાયત હેઠળના કુતુબપુર પટિયા ગામમાં બની હતી, જ્યારે હોડીચાલક સિવાયના નવ લોકો નદીના એક ટાપુ પરથી પરત ફરી રહ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, સાંજે 7 વાગ્યાની આસપાસ નદીની વચ્ચે હોડીએ સંતુલન ગુમાવ્યું હતું અને પલટી ગઈ હતી. હોડીચાલક ધીરુએ ત્રણ લોકો - વિષ્ણુ, રિંકુ અને પારુલને બચાવવામાં સફળતા મેળવી હતી.

બાકીના છ - પાંચ બાળકો અને એક મહિલા - આકાંક્ષા (9), રાણી (9), બ્રિજરાની (25), લભ્યાશ (5), મહેશ (6) અને આદિત્ય (11) ગુમ થયા હતા. ત્યાર બાદ ગુરુવારે રેસ્ક્યુ ટીમે આકાંક્ષા, લભ્યાશ, મહેશ, રાણી અને બ્રિજરાનીના મૃતદેહો બહાર કાઢ્યા હતા.

એસએચઓ બ્રિજેશ કુમારે જણાવ્યું હતું કે, સવારથી ભારે વરસાદને કારણે બચાવ કામગીરીમાં ટીમોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. એક કિશોર આદિત્ય હજી પણ ગુમ છે અને તેને શોધવાના પ્રયાસો ચાલુ છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ અભિષેક ગોયલે જણાવ્યું હતું કે, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ)ની ટીમો સર્ચ ઓપરેશન ચલાવી રહી છે.

આ ઘટનાની નોંધ લેતાં મુખ્યમંત્રી આદિત્યનાથે જિલ્લા વહીવટીતંત્રને અકસ્માતના કારણની તપાસ કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા માટે અસરકારક પગલાં લેવા નિર્દેશ આપ્યો છે.

# વસ્તી નિયંત્રણ નીતિઓ અને યુસીસી માટે જનતાનો સહકાર જરૂરી: આરએસએસ પ્રમુખ

**જાતિ** આધારિત રાજકારણ ત્યારે જ ખતમ થશે જ્યારે સમાજ જાતિના ભેદભાવોને ભૂલી જશેઃ મોહન ભાગવત

મૈસુરુ (કર્ણાટક), તા. 7 (PTI): આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે ગુરુવારે જણાવ્યું હતું કે, વસ્તી નિયંત્રણ નીતિઓ અને સમાન નાગરિક સંહિતા (યુસીસી)ના અમલીકરણ માટે જનતાનો સહકાર અને લાંબા ગાળાના વિચારની જરૂર છે. ભાગવતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જાતિ આધારિત રાજકારણ ત્યારે જ ખતમ થશે જ્યારે સમાજ જાતિના ભેદભાવોને ભૂલી જશે.

અહીં જે.એસ.એસ. મહાવિદ્યાપીઠ ખાતે 'રાષ્ટ્રીય વિકાસ માટે સામાજિક સદ્ભાવ એક ઉત્પ્રેરક તરીકે' વિષય પર વ્યાખ્યાન આપ્યા બાદ એક સંવાદ સત્રને સંબોધતાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડાએ વિવિધ ધર્મો અને સમુદાયો વચ્ચે સદ્ભાવ જાળવવા આહ્વાન કર્યું હતું. ભાગવતે લોકોને વિનંતી કરી કે તેઓ નારાઓ દ્વારા નહીં, પરંતુ પોતાના આચરણ દ્વારા સામાજિક જીવનમાં સમાનતાનું પાલન કરે.

આરએસએસ વડાએ કહ્યું, "સમાજ જાતિને યાદ રાખે છે, તેથી રાજકારણીઓ તેનો ફાયદો ઉઠાવે છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય મત મેળવવાનો હોય છે. જો તેઓ પોતાના કામના આધારે મત મેળવી શકતા નથી, તો તેઓ જાતિના આધારે મત મેળવે છે."

વસ્તી નિયંત્રણ બિલ અને સમાન નાગરિક સંહિતા (યુસીસી) પરના પ્રશ્નનો જવાબ આપતાં ભાગવતે કહ્યું કે, આરએસએસ સરકાર નથી, પરંતુ એક સામાજિક સંગઠન છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે કાયદાઓ માત્ર જનભાગીદારીથી જ સફળ થઈ શકે છે.

ભાગવતે ઉમેર્યું હતું કે, " સૌથી પહેલાં લોકોને શિક્ષિત કરવા જોઈએ. નીતિ બનાવવી જરૂરી છે, પરંતુ કોઈપણ નીતિ ત્યારે જ સફળ થઈ શકે છે, જ્યારે જનતાનો સહયોગ મળે."

ઈમરજન્સી દરમિયાન વસ્તી નિયંત્રણના પગલાંનો ઉલ્લેખ કરતાં ભાગવતે કહ્યું હતું કે, એ ઉપાયોને જે આક્રમકતાથી લાગુ કરવામાં આવ્યા હતા જેના કારણે જનતામાં ભારે રોષ અને રાજકીય વિરોધ જોવા મળ્યો હતો. મોહન ભાગવતે કહ્યું કે, ''વસ્તી નિયંત્રણ અંગે એક સમયે એક એવી સરકાર હતી જેણે કટોકટી દરમિયાન વસ્તીને નિયંત્રિત કરવાનો આક્રમક પ્રયાસ કર્યો હતો, ખાસ કરીને ઉત્તર ભારતમાં. લોકોને નસબંધીના ઓપરેશન માટે બળજબરીથી પકડીને લઈ જવામાં આવતા હતા. ત્યાર બાદ તે સરકારની સંપૂર્ણ હાર થઈ હતી.''

# મહુઆ મોઈત્રાનો ફ્લાઈટમાં ઉત્પીડનનો આરોપ



**'જય** શ્રી રામ' અને 'ટીએમસી ચોર છે'ના નારા સાથે ઘેરાયા

તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના સાંસદ મહુઆ મોઈત્રાએ ફ્લાઈટમાં દુર્વ્યવહાર અને ઉત્પીડનનો આરોપ લગાવ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો છે જેમાં કેટલાક લોકો ''જય શ્રી રામ''ના નારા લગાવતાં સાંભળી શકાય છે. મોઈત્રાએ જણાવ્યું હતું કે, તેઓ સત્તાવાર કામકાજ માટે દિલ્હી જઈ રહ્યા હતા અને તેમને સંરક્ષણ પરની સ્થાયી સમિતિની બેઠકમાં હાજરી આપવાની હતી.

મહુઆ મોઈત્રાએ કહ્યું હતું કે, ચારથી છ લોકો વિમાનમાં ચઢ્યા, તેમની સામે જોયું અને પછી વિમાનના પાછળના ભાગમાં બેઠા. મોઈત્રાએ ઈન્ડિગો અને કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી પાસેથી કાર્યવાહીની માંગ કરી છે.

પોતાના એક્સ પર વીડિયો શેર કરતાં મહુઆએ લખ્યું, ''હું આજે સંરક્ષણ પર સંસદીય સ્થાયી સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે સત્તાવાર કામકાજ માટે દિલ્હી ગઈ હતી. 4-6 માણસોનું એક જૂથ વિમાનમાં ચઢ્યું. મારી સામે આક્રોશથી જોવાનું શરૂ કર્યું અને પછી વિમાનના પાછળના ભાગમાં ગયું.''ટીએમસી ભાઈઓ ચોર છે''ના નારા લગાવ્યા. આ કોઈ સામાન્ય નાગરિક આક્રોશ નથી. આ ઉત્પીડન છે અને બોર્ડમાં મારી સલામતીનું ઉલ્લંઘન છે. કૃપા કરીને કાર્યવાહી કરો. ''

# સહરસામાં મધ્યાહન ભોજન બાદ 150થી વધુ બાળકો ઝેરી અસરમાં

**દાળના** વાસણમાંથી સાપ નીકળ્યાનો વાલીઓનો ગંભીર આક્ષેપ

સહરસા, તા. 7 (PTI) બિહારના સહરસા જિલ્લાની એક શાળામાં મધ્યાહન ભોજન હેઠળ આપવામાં આવેલ ખોરાક ખાધા બાદ 150થી વધુ બાળકો કથિત રીતે બીમાર પડ્યાં હોવાનું એક વરિષ્ઠ અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું.

આ ઘટના જિલ્લાના બલુઆહા ગામની એક મિડલ સ્કૂલમાં બની હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે, 115 બાળકોની સારવાર સદર હોસ્પિટલમાં ચાલી રહી હતી, જ્યારે આશરે 50 વિદ્યાર્થીઓને મહિષી પબ્લિક હેલ્થ સેન્ટર (પીએચસી) માં દાખલ કરવામાં આવ્યા હતા.

સહરસાના જિલ્લા મેજિસ્ટ્રેટ દીપેશ કુમારે પત્રકારોને જણાવ્યું હતું કે, "અમને માહિતી મળી હતી કે બલુઆહામાં મધ્યાહન ભોજન ખાધા બાદ ઘણાં બાળકો બીમાર પડ્યાં છે. બાળકોની શરૂઆતમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર કરવામાં આવી હતી, પરંતુ બાદમાં ઘણાને સદર હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા."

કુમારે કહ્યું, "ડોક્ટરોના જણાવ્યા અનુસાર, બાળકોની તબિયતમાં સુધારો થયો છે, પરંતુ તેમને થોડા સમય માટે નિરીક્ષણ હેઠળ રાખવામાં આવશે. ગભરાવાની જરૂર નથી. કેટલાંક બાળકોને હળવો તાવ છે. તે મુજબ તેમની સારવાર કરવામાં આવી રહી છે."

દરમિયાન, કેટલાક બાળકોના પરિવારજનોએ દાવો કર્યો હતો કે શાળામાં જે વાસણમાં રાંધેલી દાળ રાખવામાં આવી હતી તેમાંથી સાપ મળી આવ્યો હતો.

વાસણમાં સાપ દેખાયો ત્યાં સુધીમાં શાળામાં હાજર 545 વિદ્યાર્થીઓમાંથી 200 વિદ્યાર્થીઓએ ભોજન કરી લીધું હતું અને બાદમાં પેટમાં દુખાવો અને ઊલટીની ફરિયાદ કરી હતી.